| ફાઈલ તારીખ | ૧૬/૦૩/૨૦૨૬ | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૬/૦૩/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૨૫/૦૩/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૦ | ૦૯ |

सत्यमेव जयते

---

**મહેરબાન ભરૂચના પાંચમાં એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : ભરૂચ**

---

**ફોજદારી પરચુરણ અરજી નં. ૨૧૧/૨૦૨૬**

**આંક : –**

**અરજદાર/આરોપી :–** **રતન ઉર્ફે રાજુ મહાદેવ ગયાન,**
રહે. ઘર નં. ૨૭, વર્ષા સોસાયટી વિભાગ–૩,
બીજો માળ, પાલનપુર જકાતનાકા,
કિશન ડેરીની સામે, સુરત,
હાલ : સબ જેલ, ભરૂચ.

**વિરૂધ્ધ...**

**સામાવાળા :–** **ધ સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :– બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.**

---

અરજદાર તરફે વિ. વ. શ્રી વી. એસ. દુબે
સરકારશ્રી તરફે વિ. એ.પી.પી.શ્રી પી. બી. પંડયા

---

**–:: ચુકાદો ::–**

(૧) ભરૂચ શહેર 'બી' ડિવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૯૦૧૨૨૫૦૮૧૦/૨૦૨૫ થી ધી ઈમોરલ ટ્રાફીક પ્રિવેન્શન એકટની કલમ–૩, ૪ તથા બી.એન.એસ. ની કલમ–૧૪૩(૧)

(ડી)(એફ), ૧૪૩(૨), ૧૪૩(૩), ૧૪૪(૨), ૩૩૬(૨)(૩), ૩૩૮, ૩૪૦(૨), ૫૪ તથા ઈમીગ્રેશન એન્ડ ફોરેનર્સ એકટની કલમ–૨૧ મુજબના ગુનાના કામે અરજદાર/આરોપી તરફે ચાર્જશીટ બાદ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા હાલની જામીન અરજી કરેલ છે.

(૨) અરજદાર/આરોપીનાં વિ.વકીલશ્રી તથા વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા, ત.ક.અધિકારીશ્રી તરફે રજુ **આંક–૦૫** નું સોગંદનામું તથા આરોપી તરફે **આંક–૦૩** નાં લીસ્ટથી રજુ દસ્તાવેજોને ધ્યાને લીધા.

(૩) અરજદાર/આરોપીનાં વિ.વકીલશ્રીની મુખ્યત્વે એવી દલીલ છે કે, ઉપરોકત ગુનાના કામે આરોપીને તા. ૨૨/૧૨/૨૦૨૫ નાં રોજ અટક કરી તા. ૨૩/૧૨/૨૦૨૫ નાં રોજ ભરૂચની બીજી એડી. સિનીયર સિવિલ કોર્ટમા રજુ કરેલ અને રીમાન્ડની માંગણી કરેલ, ત્યારબાદ રીમાન્ડ પૂર્ણ થતા અરજદાર/આરોપીને જયુડી. કસ્ટડીમાં લેવામાં આવેલ, ત્યારથી અરજદાર/આરોપી જયુડી. કસ્ટડીમાં હોય, હાલની અરજી રેગ્યુલર જામીન ઉપર મુકત થવા કરેલ છે અને વધુમાં દલીલ છે કે, ત.ક.અધિકારીશ્રીએ ગુનાની સંપૂર્ણ તપાસ પૂર્ણ કરી ચાર્જશીટ કરેલ છે અને જેનો ક્રિમીનલ કેસ નં. ૧૫૧૩/૨૦૨૬ પડેલ છે, જેથી અરજદાર/આરોપીએ ચાર્જશીટ બાદ હાલની પ્રથમ જામીન અરજી દાખલ કરેલ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે, કહેવાતા ગુનામાં કોઈ ભાગ ભજવેલ નથી, આક્ષેપીત ફરીયાદ મુજબ સદર મકાનમાં કોઈ સ્ત્રીઓને દેહ વેપારનાં ધંધામાં જબરન ધકેલવામાં આવેલ હોય તેવું બનેલ નથી, ફરીયાદમાં જે સ્ત્રીઓનાં નામ જણાવવામાં આવેલ છે તે સ્ત્રીઓ પૈકી કોઈ સગીર ઉંમરની હોવાનુ કે તેમની ઈચ્છા વિરૂધ્ધ તેમને આ ધંધામાં જબરન ધકેલવામાં આવેલ હોય તેવું જણાતું નથી, આરોપીને શંકાનાં આધારે આરોપી તરીકે દર્શાવવામાં આવેલ છે, પરંતુ આરોપી દ્વારા કોઈ ગુનો આચરવામાં આવેલ નથી. આ કામે મળેલ મુદ્દામાલ

દસ્તાવેજો સરકારશ્રીની કચેરી દ્વારા રજુ રાખવામાં આવતા દસ્તાવેજો હોવાનું જણાય છે, ત્યારે સદર તમામ દસ્તાવેજો હાલનાં અરજદાર/આરોપી દ્વારા ખોટી રીતે તેનું કુટલેખન કરવામાં આવેલ હોવાના કોઇ દેખીતા આક્ષેપો ફરીયાદમાં જણાતા નથી, ત્યારે આરોપી દ્વારા કોઈપણ આધારકાર્ડ બનાવડાવેલ હોવાનું પ્રાથમિક રીતે માની શકાય નહી, જેથી આરોપી સામે ફરીયાદી દ્વારા આનુમાનીક ફરીયાદ કરવામાં આવેલ હોવાનું સ્પષ્ટ રીતે જણાય આવે છે, જેથી આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં દલીલ છે કે, ફરીચાદ જોતા ફરીયાદ નોંધાચા પહેલા પોલીસ અધિકારીશ્રી દ્વારા તપાસ શરૂ કરી દેવામાં આવેલ હોવાનું જણાય આવે છે, ત્યારે ફરીયાદ અને તપાસ એ ફરીયાદી તેમજ ત.ક.અધિકારી દ્વારા સહહેતુક ઉભી કરવામાં આવેલ હોવાનું પ્રાથમિક રીતે જણાય આવે છે, જેથી આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં દલીલ છે કે, ફરીયાદ જોતા આરોપી બનાવવાળી જગ્યાએ હાજર ન હોય તેમજ કોઈપણ સ્ત્રીઓને બળજબરીથી દેહ વેપારનો ધંધો કરાવતા હોય તેવું પણ બનેલ નથી અને આરોપી વિરૂધ્ધ તદન ખોટી ફરીયાદ પાછળથી ઉભી કરવામાં આવેલ હોય તેવું ફરીયાદ જોતા જણાય આવે છે અને ફરીયાદ જોતા ફરીયાદ જોતા આરોપી દ્વારા કોઈપણ હ્યુમન ટ્રાફીકીંગ થયું હોય કે ફરીયાદમાં જણાવેલ કોઇ પણ સ્ત્રીઓ ઉપર ઉત્પીડન કરવામાં આવેલ હોય કે શોષણ કરવામાં આવેલ હોય કે તેમની મરજી વિરૂધ્ધ આ પ્રકારનું કૃત્ય કે વેપારમાં ધકેલવામાં આવેલ હોવાનું જણાતું ન હોય તે સંજોગોમાં ફરીયાદમાં માત્ર કલમ અંગેનું વર્ણન અને વિગત મુકવાથી સદર કલમ હેઠળ ગુના સંબંધે આરોપી જવાબદાર બની રહેતા નથી, જેથી આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, બનાવવાળી જગ્યાએ ઘણાબધા મકાનો આવેલ છે અને એક પબ્લીક પ્લેસ છે તેવા સંજોગોમાં આરોપીને બનાવવાળા સ્થળે જોયેલ હોય તેવું ફરીયાદ જોતા જણાય આવતું નથી અને આરોપીને ડાયરેકટ કે ઈનડાયરેક નજરે જોનાર કોઇ

સ્વતંત્ર સાહેદો મળી આવેલ નથી, હાલનાં કામે મોટાભાગં પોલીસ સાહેદ હોય જેથી પુરાવા સાથે ચેડા કરવાનો કે પોલીસ તપાસમાં અંતરાય ઉભો કરવાનો પ્રશ્ન રહેતો નથી, અરજદાર સામે કોઇ પ્રાઇમાફેસી કેસ નથી અને સદર કામનાં અન્ય સહ–આરોપીને નામ. ગુજરાત હાઇકોર્ટે જામીન મુકત કરેલ છે, જેથી હાલનાં આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં દલીલ છે કે, હાલનો કેસ રેરેસ્ટ ઓફ રેર કેટેગરીમાં આવતો નથી, અરજદાર પુખ્ત વર્ગના છે અને પરીવાની તમામ જવાબદારી છે, જો વધુ સમય કસ્ટડીમાં રાખવામાં આવે તો પરીવારના ભવિષ્યને ખુબ જ ગંભીર નુકસાન થઇ શકે તેવી પરીસ્થિતી ઉભી થાય તેમ છે, આરોપી નાસી ભાગી જાય તેવા ઇસમ નથી અને ટ્રાયલ દરમ્યાન હાજર રહેશે અને તપાસમાં સહકાર આપશે, જેથી જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં દલીલ છે કે, આરોપી રીઢા ગુનેગાર નથી, ફરીયાદની વિગતો વિરોધાભાષી છે, આરોપી સામે પ્રથમદર્શનીય કેસ નથી અને નામ. કોર્ટ જે શરતો જણાવે તે શરતોનું પાલન કરવા તૈયાર છે, જેથી આરોપીની હાલની જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની આઇ.ઓ.નાં **આંક–૦૫** નાં સોગંદનામાને અનુરૂપ મહત્વની દલીલ કરી રજુઆત કરેલ છે કે, હાલનાં અરજદાર/આરોપીએ આર્થિક રીતે જરૂરીયાતમંદ સ્ત્રીઓને એજન્ટ મારફતે બાંગ્લાદેશી સ્ત્રીઓને મંગાવી તેઓને પોતાના ઘરે આશરો આપી દેહવ્યાપારનો ધંધો ચલાવતા હોય, તેના ઘરે થી બે બાંગ્લાદેશી (ભોગબનનાર) નાઓને રેસ્ક્યુ કરવામાં આવેલ છે. જે બંન્ને બાંગ્લાદેશી મહિલાઓના નિવેદનો મુજબ બંન્ને મહિલાઓને એક – એક મહિના સુધી સુરતની અલગ–અલગ હોટલોમા મોકલી દેહ વ્યાપારનો ધંધો કરાવડાવી આર્થિક રીતે નાણાકીય લાભ મેળવેલ છે તેમજ આરોપીએ આર્થિક રીતે જરૂરીયાતમંદ સ્ત્રીઓ પૈકી એક સ્ત્રીને ગોલ્ડન સ્પા. અને મસાજ પાર્લર ચલાવતા સહ–આરોપી સુજીતકુમાર ઝા પાસે મોકલી સહ–આરોપી સુઝીતકુમારે તે સ્ત્રી પાસે પણ દેહવ્યાપારનો ધંધો કરાવી સદર સ્ત્રીને સહ–આરોપી

ફારૂક શેખનાઓ પાસે મોકલી દેહ વ્યાપારનો ધંધો કરાવેલ છે. આ સીવાય અરજદાર/આરોપીએ આર્થિક રીતે જરૂરીયાતમંદ બાંગ્લાદેશી અન્ય કુલ ૨૪ મહિલાઓ દેહવ્યાપારનો ધંધો કરાવડાવી આર્થિક રીતે નાણાકીય લાભ મેળવેલ છે, જેથી આરોપીને જામીન મુકત ન કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, સહ-આરોપી સુજીતકુમારે તેના કોટક મહિન્દ્રા બેન્ક એકાઉન્ટમાંથી હાલનાં અરજદાર/આરોપી રતન ઉર્ફે રાજુ મહાદેવ ગયાનના કોટક મહિન્દ્રા બેન્ક એકાઉન્ટમાં તા.૦૧/૧૨/૨૦૨૫ થી તા.૦૫/૧૨/૨૦૨૫ સુધી કુલ ટોટલ રૂ.૧૬,૫૦૦/- મોકલેલ છે તેમજ હાલનાં આરોપી રતન ઉર્ફે રાજુ મહાદેવે તેના બેન્ક એકાઉન્ટમાંથી સહ-આરોપી બચુ શેખને UPI થી તા.૦૧/૧૧/૨૦૨૫ થી તા.૨૦/૧૨/૨૦૨૫ સુધી કુલ ટોટલ રૂ.૧,૧૭,૬૦૦/- મોકલેલ છે તથા રીયા બચુ શેખને UPI થી તા.૧૨/૧૧/૨૦૨૫ થી તા.૧૨/૧૨/ ૨૦૨૫ સુધી કુલ ટોટલ રૂ.૬૫,૫૦૦/- મોકલેલ છે તેમજ સહ-આરોપી સુજીતકુમાર ઉર્ફે બાબા તથા હાલના આરોપી રતન ઉર્ફે રાજુ બંગાળી મોબાઈલ નંબર ઉપર કુલ-૧ વખત વાતચીત કરેલ છે, જેથી આરોપીઓ એકબીજા સાથે સંકળાયેલા હોય, જેથી જામીન મુકત ન કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, હાલનાં અરજદાર/આરોપી રતન ઉર્ફે રાજુએ પોતાનાં મોબાઈલ નં. 9265538894 ઉપરથી સહ-આરોપી બચુ શેખના ઉપર ત્રણ વખત સંપર્ક કરેલ છે તથા હાલનાં આરોપી રતન ઉર્ફે રાજુ મહાદેવ ગયાન મોબાઈલ નંબર ઉપર સહ-આરોપી સુજીતકુમાર ઉર્ફે બાબા લક્ષ્મિકાંત ઝાના મો.નં. 9662774898 ઉપર છ વખત તથા મો.નં. 9527294898 ઉપર એક વખત સંપર્ક કરેલ છે. આમ પકડાયેલ તમામ આરોપીઓ તથા અન્ય સહ-આરોપી એકબીજા સાથે સંપર્કમાં હતા, જેથી આરોપીને જામીન મુકત ન કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, આ કામે આરોપીઓએ દેહવ્યાપાર કરાવેલ બાંગ્લાદેશી મહિલાઓ કે જેઓ તપાસ દરમ્યાન સુરત, અમદાવાદ, મહેસાણા, ખાતેથી કુલ-૬૧ મહિલાઓ મળી આવતા રેસ્ક્યુ

કરવામાં આવેલ છે તેમજ હાલનાં અરજદાર/આરોપી રતન ઉર્ફે રાજુ મહાદેવનાનો સ્પા મસાજ પાર્લરની આડમાં બાંગ્લાદેશ ખાતે રહેતી આર્થિક રીતે જરૂરીયાતમંદ સ્ત્રીઓને બ્યુટીપાર્લરમાં નોકરી અપાવવાની લાલચ આપી આવી સ્ત્રીઓને ભારતમાં ગેરકાયદેસર રીતે લાવવા માટે સહ–આરોપી બચુ શેખનો વોટસએપ સંપર્ક કરી બાંગ્લાદેશી સ્ત્રીઓને ગેરકાયદેસર રીતે ભારતમાં લાવી પોતાની પાસે મોકલવા માટે વાત કરતા બચુએ આરોપીને જણાવેલ કે, હું બાંગ્લાદેશી સ્ત્રીઓને તારી પાસે મોકલાવીશ અને મારી પાસે બાંગ્લાદેશના એજન્ટ ઝહીર જેનો મોબાઈલ નંબર. +૮૮૦૧૬૨૯૩૬૩૯૪૪ નો આપતા, હાલનાં અરજદાર/આરોપી રતન ઉર્ફે રાજુનાએ આ બાંગ્લાદેશી સહ–આરોપી ઝહીરનાઓ સાથે વોટસએપથી વાત કરતા આરોપી ઝહીરે જણાવેલ કે, હું બાંગલાદેશી સ્ત્રીઓ ગેરકાયદેસર રીતે ભારતમાં બચુ શેખ પાસે મોકલાવીશ અને બચુ શેખ તારી પાસે મોકલાવશે અને બાંગ્લાદેશી મહીલાને ભારતમાં મોકલુ તેના કમિશનના રૂપિયા બચુને આપવાના બચુ શેખ મને મોકલી આપશે તેમ એકબીજા સાથે સંપર્ક કરી અવાર નવાર અલગ અલગ બાંગ્લાદેશી મહીલાઓને ભારત દેશમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરાવી બચુ પાસે મોકલતો અને બચુ શેખ હાલનાં અરજદાર/આરોપી રતન ઉર્ફે રાજુ પાસે મોકલતા તેવી સ્ત્રીઓને હાલનાં આરોપી પોતાના ઘરે પોતાના રહેણાંક મકાનમાં આશરો આપી તેવી સ્ત્રીઓને ગુજરાતના અગલ અલગ શહેરોમાં દેહ વ્યાપારના ધંધા અર્થે મોકલતો હતો, જેથી આરોપીને જામીન ઉપર મુકત નહી કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપીએ આપણા દેશની સુરક્ષા તેમજ સલામતીને ખતરારૂપ બને તેમજ દેશની રાષ્ટ્રીયતાને નુકશાન પહોચાડે તેવી શકયતાઓ રહેલી હોય, જેથી આરોપીને જામીન ઉપર મુકત નહી કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરીથી આવા પ્રકારનું કૃત્ય આચરે તેવી શકયતા રહેલી છે તેમજ અરજદાર/આરોપી મુળ પશ્ચિમ

બંગાળ ના વતની છે, તેઓનુ ભરૂચ જીલ્લામાં કાયમી સરનામુ નથી, જેથી આરોપીને જામીન મુકત ન કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, હાલનાં અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય પુરાવાઓ તપાસ દરમ્યાન મળી આવેલ છે અને અન્ય સહ-આરોપીઓને પકડવાનાં બાકી છે, જો આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો પુરાવાઓ સાથે છેડછાડ કરવાની તેમજ સાક્ષીઓને ધાકધમકી આપી ફોડવાનો પ્રયત્ન કરે તેવી શકયતા રહેલી છે અને સમાજમાં આવા ગુનાઓ કરવાવાળાને કાયદાનો ડર રહેશે નહી, જેથી આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, હાલનાં અરજદાર/આરોપી વિરૂધ્ધ સુરત શહેર અડાજણ પો.સ્ટે. તથા રાંદેર પો.સ્ટે.માં ધી ઈમોરલ ટ્રાફીક પ્રિવેન્સન એકટની કલમ-૩, ૪, ૫, ૭ મુજબના બે ગુનાઓ નોંધાયેલ છે, જેથી આરોપી આવા ગુનાઓ કરવાની ટેવવાળા છે, જેથી આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) ઉપરોકત રજુઆતો, ત.ક.અધિકારીશ્રીનુ એફીડેવીટ તથા એફ.આઈ.આર. તેમજ પોલીસ પેપર્સ ધ્યાને લેતા, હાલનાં અરજદાર/આરોપીએ આર્થિક રીતે જરૂરીયાતમંદ સ્ત્રીઓને એજન્ટ મારફતે બાંગ્લાદેશી સ્ત્રીઓ મંગાવી પોતાનાં ઘરે આશરો આપી દેહ વ્યાપારનો ધંધો ચલાવતા હોય અને હાલનાં આરોપીનાં ઘરેથી બે ભોગબનનારનાઓનું રેસ્કયુ કરવામાં આવેલ છે અને આ ભોગબનનારનાં નિવેદન મુજબ હાલનાં આરોપીએ તેઓને એક-એક મહિના સુધી સુરતની અલગ-અલગ હોટલોમાં મોકલી દેહ વ્યાપારનો ધંધો કરાવડાવી નાણાંકીય લાભ મેળવેલ છે તેવી હકીકતો ખુલેલી છે. વધુમાં પોલીસ એફીડેવીટ મુજબ હાલનાં અરજદાર/આરોપીએ આ ભોગબનનાર સ્ત્રીઓને અન્ય સહ-આરોપી સુઝીતકુમાર ઝા કે જેઓ ગોલ્ડન સ્પા અને મસાજ પાર્લર ચલાવતા હોય તેઓને ત્યાં પણ મોકલેલ છે અને દેહ વ્યાપારનો ધંધો કરાવેલ છે અને આ સીવાય પણ બાંગલાદેશી અન્ય કુલ-૨૪ મહિલાઓ પાસે દેહ વ્યાપારનો ધંધો કરાવડાવેલ છે તેવી હકીકતો

પણ ખુલેલી છે. વધુમાં હાલનાં અરજદાર/આરોપી તથા અન્ય સહ–આરોપી સુજીતકુમાર ઝા તેમજ નહી પકડાયેલ સહ–આરોપી બચ્ચુ શેખનાઓની વચ્ચે નાણાંકીય ટ્રાન્જેકશન થયેલા છે તેમજ સહ–આરોપીઓ સાથે મોબાઇલ નંબર ઉપર અવારનવાર વાતચીતો કરેલ છે તેવી હકીકતો ખુલેલી હોય તેનાં પુરાવાઓ પોલીસે તપાસ દરમ્યાન કબજે કરેલ છે. આમ, તમામ આરોપીઓ નાણાકીય લેવડ–દેવડની રીતે તથા ટેલીફોનીક રીતે એકબીજાનાં સંપર્કમાં હોય તેવી હકીકતો ખુલેલી હોય હાલનાં અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે, તે સંજોગોમાં આરોપીને જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું નથી.

(૬) વધુમાં હાલનાં અરજદાર/આરોપી સામે સુરત શહેર અડાજણ પો.સ્ટે.માં તથા સુરત શહેર રાંદેર પો.સ્ટે. ધી ઇનમોરલ ટ્રાફીક પ્રિવેન્શન એકટ–૧૯૫૬ ની કલમ–૩, ૪, ૫, ૭ મુજબનાં ગુનાઓ નોંધાયેલ છે, ત્યારે આરોપી આવા પ્રકારનાં ગુનાઓ કરવાની ટેવવાળા છે, તે સંજોગોમાં પણ આરોપીનો ગુનાહિત ઈતિહાસ ધ્યાને લેતા, આરોપીને જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું નથી. વધુમાં આરોપી તરફે તેમની જામીન અરજીમાં અન્ય સહ–આરોપીને નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે તેવી હકીકત જણાવેલ છે, પરંતુ કયાં આરોપીને જામીન ઉપર મુકત કરેલ છે તે આરોપીનું નામ કે તે જામીન અરજીનો નંબર દર્શાવેલ નથી કે આવો કોઇ હુકમ રજુ કરેલ નથી કે જામીન અરજી દાખલ કરતી વખતે ભરવાનાં થતા ફોર્મમાં પણ નામ. હાઇકોર્ટે સહ–આરોપીને જામીન ઉપર મુકત કરેલ હોય તે જામીન અરજીની કોઇ વિગત દર્શાવેલ નથી તેમ સ્પષ્ટ થાય છે.

(૭) આમ, ઉપરોકત ચર્ચા કરી તે મુજબ આરોપી સામેના આક્ષેપીત ગુનાની હકીકતો તથા ગુનાની ગંભીરતા તથા આરોપી સામેનો પ્રથમદર્શનીય કેસની હકીકતો ધ્યાને લેતા તેમજ આરોપીનો ગુનાહિત ઈતિહાસ ધ્યાને લેતા, આરોપીને રેગ્યુલર જામીન ઉપર

મુકત કરવા ન્યાયોચિત જણાતુ ન હોય હાલની જામીન અરજી નામંજુર કરતો છેવટનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) અરજદાર/આરોપી **રતન ઉર્ફે રાજુ મહાદેવ ગયાન,** રહે. ઘર નં. ૨૭, વર્ષા સોસાયટી વિભાગ–૩, બીજો માળ, પાલનપુર જકાતનાકા, કિશન ડેરીની સામે, સુરત, હાલ : સબ જેલ, ભરૂચનાઓની ભરૂચ શહેર 'બી' ડિવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૯૦૧૨૨૫૦૮૧૦/૨૦૨૫ થી ધી ઇમોરલ ટ્રાફીક પ્રિવેન્શન એકટની કલમ–૩, ૪ તથા બી.એન.એસ. ની કલમ–૧૪૩(૧)(ડી)(એફ), ૧૪૩(૨), ૧૪૩(૩), ૧૪૪(૨), ૩૩૬(૨)(૩), ૩૩૮, ૩૪૦(૨), ૫૪ તથા ઇમીગ્રેશન એન્ડ ફોરેનર્સ એકટની કલમ–૨૧ મુજબના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની હાલની જામીન અરજી **નામંજુર** કરવામાં આવે છે.

(૨) આ હુકમની જાણ પોલીસ સ્ટેશનને કરવી.

(૩) આ હુકમની એક નકલ સંબંધીત જેલમાં આરોપીને આપવા માટે મોકલવી અને સુપ્રિન્ટેન્ડન્ટ/જેલરશ્રીએ આરોપીને નકલ આપ્યાનો અત્રેની કોર્ટને રીપોર્ટ કરવો.

આ હુકમ આજ **તા. ૨૫ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬** ના રોજ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૫/૦૩/૨૦૨૬
સ્થળ : ભરૂચ

**(પિંકલ એમ. સોની )**
પાંચમા એડીશનલ સેસન્સ જજ,
ભરૂચ.
**(કોડ નં. જી.જે. ૦૦૭૪૭)**

SUC